## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૩.૧ | સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજોની વિગતો આપો. | હોદ્દો : (૧) કલેકટરશ્રી, રાજકોટ<br>(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, રાજકોટ<br>સતાઓ :<br>વહીવટી : સમગ્ર જિલ્લા પુરવઠા તંત્રની દેખરેખ અને નિયમન, જાહેર વિતરણ વ્યવસ્થાની જાળવણી, કાયદાથી પ્રાપ્ત અધિકાર નીચે કેસો ચલાવવા અને અપીલ સાંભળવાની કાર્યવાહી, જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની ઉપલબ્ધી તથા જાળવણી તથા કાળા બજાર થતાં અટકાવવા પગલાં લેવા, લોકસમસ્યા નિવારણ.<br>નાણાકીય : સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી વહીવટી ગ્રાન્ટના સમયસરના વપરાશની દેખરેખ, અન્ન નાગરિક પુરવઠા વિભાગ હેઠળ આયોજન સદર તળે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, માત્ર નોન–પ્લાન ગ્રાન્ટ એટલે કે પગાર અને ભથ્થાઓના હેતુઓ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.<br>અન્ય : ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન .<br>(૩) જિલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારી અને અધિક કલેકટરશ્રી (સંકલન), રાજકોટઃ<br>વહીવટી સતાઓઃ–<br>જિલ્લામાં જિલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારી તરીકેની ફરજો તેમજ ગ્રાહક સુરક્ષાને લગતી પ્રવૃતિઓનું સંકલન અને ગ્રાહક કલ્યાણની પ્રવૃતિઓ.<br>(૪) તાલુકા મામલતદાર :<br>સતાઓ :<br>વહીવટી : સમગ્ર તાલુકા પુરવઠા તંત્રની દેખરેખ અને નિયમન, કાયદાથી પ્રાપ્ત અધિકાર નીચે તપાસણી અને નિયમન કરવું, તાલુકામાં આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની ઉપલબ્ધી તથા જાળવણી, લોકસમસ્યા નિવારણ, રેશનકાર્ડ આપવા, વિભાજન કરવા જેવી કામગીરી તથા પરવાના અધિકારી તરીકેની કામગીરી.<br>નાણાંકીય : સરકારશ્રી ધ્વારા ફાળવવામા આવતી વહીવટી બાબતોની ગ્રાન્ટના સમયસરના વપરાશની દેખરેખ.<br>અન્ય : ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન.<br><br>(૫) નાયબ મામલતદાર/પુરવઠા નિરીક્ષક : |

| | | |
|---|---|---|
| | | જિલ્લા કક્ષાએ પુરવઠા નીરીક્ષક તરીકે (પેટ્રોલ–ડીઝલ પંપ તેમજ સોલવન્ટ આદેશ–૨૦૦૦ હેઠળના પરવાનાઓ સિવાય) કાયદાથી પ્રાપ્ત અધિકારો નીચે વિવિધ આવશ્યક ચીજવસ્તુઓ તથા તેના પરવાનાની સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગના તા.૧૯–૪–૯૯ ના ઠરાવ ક્રમાકઃ– તપસ–૧૦૮૪–બ થી ઠરાવેલ ધોરણે તપાસણી અને નિયમનની કામગીરી તેમજ તાલુકા કક્ષાએ નાયબ મામલતદાર પુરવઠા તરીકે કચેરી કામગીરી ઉપરાંત તપાસણી અને નિયમનની કામગીરી. ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન. નાયબ મામલતદાર કક્ષાએ કોઈ સ્વતંત્ર નાણાકીય અધિકારો આપવામાં આવેલા નથી.<br>(૬) ઝોનલ ઓફિસરઃ<br>રાજકોટ શહેર વિસ્તારમાં જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ–૨૦૦૧ હેઠળ તેમજ વાજબી ભાવના દુકાનદારોને લાયસન્સ હુકમ–૨૦૦૪ તેમજ નાગરિક અધિકાર પત્રથી ઠરાવેલ વિગતે નવા રેશનકાર્ડ આપવા, રેશનકાર્ડ વિભાજન તથા સુધારા–વધારાની કામગીરી ઉપરાંત કેરોસીન સિવાય એટલે કે અનાજ, ખાંડ, ખાદ્યતેલની પરમિટો વાજબી ભાવના પરવાનેદારોને આપવી અનેસરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગના તા.૧૯–૪–૯૯ ના ઠરાવ ક્રમાકઃ– તપસ–૧૦૮૪–બ થી ઠરાવેલ ધોરણે તપાસણી કરવાની કામગીરી. ઝોનલ ઓફિસરને કોઈ સ્વતંત્ર નાણાકીય અધિકારો આપવામાં આવેલ નથી. |